સુવિચાર : શબ્દોમાં અસર પેદા કરવા શબ્દને સંવેદનામાં ઝબોળવા જરુરી છે, શબ્દો ચોપડાવી દેવાની ચીજ નથી, શબ્દો સ્પર્શવાની વસ્તુ છે - મોરારિ બાપુ



દેશમાં ખરાબ દિવસો ખતમ થયા - નરેન્દ્ર મોદી

Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૬ | ૨૬ મે, ૨૦૧૫, મંગળવાર ; જેઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





૨૬ મે, ૨૦૧૫

વહાલા દેશવાસીઓ,

ગયા વર્ષે આજના દિવસે જનતા જનાર્દનના આશીર્વાદની સાથે મને વડાપ્રધાનની જવાબદારી મળી. હું પોતાને ''પ્રધાન સેવક'' માનીને મારી જવાબદારી આ ભાવનાથી નિભાવી રહ્યો છું.

અંત્યોદય આપણા રાજનીતિક દર્શનનો મૂળ મંત્ર છે. મુખ્ય નિર્ણયો લેતી વખતે હંમેશાં વંચિત, ગરીબ, મજદૂર અને ખેડૂત આપણી આંખો સામે રહે છે. જન-ધન યોજનામાં દરેક પરિવારનું બેંક ખાતું અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના આનું પ્રમાણ છે.

''અન્નદાતા સુખી ભવ'' આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આપણા ખેડૂતો અથાગ મહેનત કરીને દેશને ખાદ્ય સુરક્ષા પ્રદાન કરે છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, વીજળીની વધારે સારી ઉપલબ્ધતા, નવી ''યુરિયા નીતિ'' કૃષિ વિકાસ માટે અમારી પ્રતિબદ્ધતા છે. કમોસમી વરસાદ અને કરાથી પીડિત ખેડૂતોની સાથે આપણે મજબૂતીથી ઊભા રહીએ. મદદની રકમને દોઢ ગણી કરી તથા યોગ્ય માપદંડને વધારે ખેડૂત હિતેષી બનાવ્યો.

ભ્રષ્ટાચાર-મુક્ત, પારદર્શી, નીતિ આધારિત, પ્રશાસન અને શીઘ્ર નિર્ણય આપણા મૂળભૂત સિદ્ધાંતો છે. પહેલા પ્રાકૃતિક સંપત્તિ જેવી કે કોલસા અથવા સ્પેક્ટ્રમના સાધનો મનગમતી રીતે, પ્રિય ઉદ્યોગપતિઓને મળતા હતા. પરંતુ દેશના સંશોધન દેશની સંપત્તિ છે. સરકારનો વડો હોવાના કારણે હું તેનો ટ્રસ્ટી છું એટલા માટે અમે નિર્ણય લીધો કે એની ફાળવણી હરાજીથી થશે. કોલસાની અત્યાર સુધી થયેલી ફાળવણીથી લગભગ ત્રણ લાખ કરોડ રૂપિયા અને સ્પેક્ટ્રમથી લગભગ એક લાખ કરોડ રૂપિયાની આવક થશે.

સુદૃઢ અર્થવ્યવસ્થા માટે ભરોસાપાત્ર સરકાર જરૂરી છે. જ્યારે અમારી સરકાર બની તે વખતે આર્થિક સ્થિતિ ડામાડોળ હતી. મોંઘવારી ઝડપથી વધી રહી હતી. મને આનંદ છે કે, અમારા પ્રયત્નોથી ગત વર્ષોમાં ભારતમાં વિશ્વની અત્યંત ઝડપી વિકાસવાળી અર્થવ્યવસ્થા બની. મોંઘવારી નિયંત્રિત થઈ અને પૂરા વાતાવરણમાં નવા ઉત્સાહનો સંચાર થયો.

વિશ્વસ્તરે ભારતની પ્રતિષ્ઠા વધી છે. મૂડીરોકાણ વધ્યું છે. ''મેક ઈન ઈન્ડિયા'' અને ''સ્કિલ ઈન્ડિયા'' અભિયાનનો ઉદ્દેશ્ય આપણા યુવાનોને રોજગારી આપવાનો છે. અમે મુદ્રા બેંકની સ્થાપના કરી જેનાથી નાના નાના ધંધો રોજગાર ચલાવનાર ભાઈ-બહેનોને દસ હજાર રૂપિયાથી દશ લાખ રૂપિયા સુધીની બેંક લોન સરળ બનશે. અમે કાળુંનાણું પાછું લાવવાનું વચન આપ્યું હતું. સરકાર બન્યા પહેલાં નિર્ણય કાળાંનાણાં પર એસઆઈટી ગઠન કરવાનું હતું પછી અમે વિદેશોમાં કાળુંનાણું રાખનારને સખત સજા કરવાનો કાયદો બનાવ્યો.

''સ્વચ્છ ભારત અભિયાન''નો વિચાર છે. વહુ-દીકરીઓને ખુલ્લામાં શૌચ માટે ન જવું પડે, શૌચાલયના અભાવે દીકરીઓ શાળા ન છોડે અને ગંદકીથી માસૂમ બાળકો વારંવાર બીમાર ન પડે. બાળકોની સરખામણીમાં બાલિકાઓની ઓછી થતી સંખ્યા બહુ ચિંતાનો વિષય છે. એટલા માટે અમે ''બેટી બચાવો, બેટી પઢાઓ'' અભિયાન શરૂ કર્યું. વર્ષોથી અમારી આસ્થાનું કેન્દ્ર જીવનદાયિની મા ગંગા- પ્રદૂષણ મુક્ત બને તે માટે અમે ''નનામિ ગંગે'' કાર્યક્રમ શરૂ કર્યો. અમારો ઈરાદો ગામડાની તસવીર બદલવાનો છે અને મૂળભૂત સુવિધાઓ જેવી કે, દરેક કુટુંબ માટે પાકું ઘર, ચોવીસ કલાક વીજળી, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, રસ્તા અને ઈન્ટરનેટની વ્યવસ્થા હોય. જેનાથી લોકોનું જીવનધોરણ વધારે સારું બને. આ બધાની સફળતા માટે તમારી ભાગીદારી જરૂરી છે.

અમે જોડવાનું કામ કર્યું છે. દેશની સીમાઓ, બંદરો અને સંપૂર્ણ ભારતને એક ખૂણાથી બીજા ખૂણા સાથે જોડવા માટે રસ્તા અને રેલવેને નવું જીવન આપવાનો હેતુ. લોકોને જોડવા માટે ''ડિજિટલ ઈન્ડિયા'' કનેક્ટિવિટી બધા મુખ્યમંત્રીઓની સાથે ''ટીમ ઈન્ડિયા''ની અવધારણા પણ અંતર ઘટાડવાની કોશિષ છે.

પહેલા વર્ષે વિકાસયાત્રાના મજબૂત પાયાથી દેશે ગુમાવેલો વિશ્વાસ મેળવ્યો છે. મને વિશ્વાસ છે કે, અમારા પ્રયાસોએ તમારી જિંદગીને સ્પર્શ કર્યો હશે. આ તો માત્ર શરૂઆત છે.

દેશ આગળ વધવા માટે તૈયાર છે. આવો... આપણે બધા સંકલ્પ કરીએ કે આપણા દરેક કદમ દેશહિતમાં આગળ વધે.

તમારી સેવામાં સમર્પિત
જયહિન્દ

નરેન્દ્ર મોદી

Read this online: www.narendramodi.in/letter | Connect with PM /narendramodi | Interact with PM www.pmindia.gov.in | News, Views & More www.narendramodi.in | Share Ideas www.mygov.in


# મનપા સ્થાયી સમિતિના ચેરમેન પદે રાકેશ પટેલ

## પક્ષના નેતા પદે ગોવિંદભાઈ પરમારની નિયુક્તિ





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન તરીકે યુવા સભ્ય શ્રી રાકેશભાઈ પટેલની અને પક્ષના નેતા તરીકે પક્ષના સિનીયર અગ્રણીશ્રી ગોવિંદભાઈ પરમારની પસંદગી કરવામાં આવી છે.

સ્થાયી સમિતિની કાર્યકારી અધ્યક્ષ શ્રી સંદીપ જ્યોતિકરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં શ્રી રાકેશ પટેલના નામની દરખાસ્ત શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાએ મુકી હતી જ્યારે તેને પ્રકાશભાઈ પટેલે સમર્થન આપ્યું હતું.

સભ્યોએ સર્વાનુમતે દરખાસ્તનો સ્વીકાર કરતાં શ્રી જ્યોતિકરે શ્રી રાકેશ પટેલને ચૂંટાયેલા જાહેર કરી અને સમિતિની બેઠક પૂર્ણ થયાની ઘોષણા કરી હતી.

આ અગાઉ આજે બરાબર ૧૨.૫૮ મિનિટે શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ પક્ષના મેન્ડેટ સાથે મનપાની ઓફિસમાં આવી પહોંચ્યા હતા. જ્યાં કાર્યકરો અને સ્થાયી સમિતિના સભ્યો તેમજ સિનીયર કાઉન્સીલરો રાહ જોઈ બેઠા હતા.

તેમણે પક્ષના નિર્ણયની જાહેરાત આ સૌની હાજરીમાં કરતાં જણાવ્યુ હતુ કે આજે બે નિર્ણય કરવામાં આવે છે. સ્થાયી સમિતિના ચેરમેન તરીકે શ્રી રાકેશભાઈ પટેલની વરણી કરવી તેમજ કોર્પોરેશન પક્ષના નેતા તરીકે શ્રી ગોવિંદભાઈ પરમારની નિયુક્તી કરવામાં આવે છે.

શ્રી નીતિન પટેલની આ જાહેરાતને કાર્યકરોએ ભારત માતા કી જય પોકારીને વધાવી લીધો હતો.

શ્રી પટેલની જાહેરાત બાદ તુરત જ સ્થાયી સમિતિની બેઠક મળી હતી. જેમાં ઉપસ્થિત ૧૧ સભ્યોએ દરખાસ્તને સર્વાનુમતે પસાર કરી ચેરમેનની નિયુક્તીની ઔપચારિકતા પૂર્ણ કરી હતી.

### રાકેશ પટેલ આજે ચાર્જ સંભાળશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન તરીકે નિમાયેલા શ્રી રાકેશ પટેલ આજે બપોરે ૧૨.૩૯ મિનિટે વિજયમુહૂર્તમાં પોતાના નવા હોદ્દાનો ચાર્જ વિધિવત્ રીતે સંભાળશે.

શ્રી પટેલ અને શ્રી પરમારની નિયુક્તીનો કાર્યકરો તેમજ આગેવાનોએ પેંડા વહેંચી વધાવી હતી. આજે શહેર સંગઠનના હોદ્દેદારો પણ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવા માટે ગાંધીનગરના પ્રભારી શ્રીમતિ રમીલાબેન બારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શ્રી પટેલ અને શ્રી પરમારને તેમની નવી નિયુક્તી અંગે અભિનંદન આપ્યા હતા.

શ્રી રાકેશ પટેલ વોર્ડ નં. ૧૦માંથી ચૂંટાયેલા કાઉન્સીલર છે. તેઓ અગાઉ પણ સ્થાયી સમિતિના સભ્ય રહી ચુક્યા છે તેમજ તેઓ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતનું નવુ સીમાંકન જાહેર

## વાવોલ, કોલવડા, અડાલજ બે-બે બેઠકોમાં વહેંચાયુ : રાયપુર, શિહોલી મોટી, દોલારાણા વાસણા બેઠકમાં પણ ફેરફાર કરાયો : ૧૮ બેઠકો મહિલાઓ માટે અનામત : સૌથી વધુ મતદારો છાલા બેઠક પર સૌથી ઓછા મતદારો શાહપુર બેઠક પર : ૬૭ બેઠકો પર ૧૦ હજારથી વધુ મતદારો

ગાંધીનગર, તા. ૨૫

આગામી સપ્ટેમ્બરમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈ ગાંધીનગર તાલુકા પંચાયતનું નવુ સીમાંકન રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરતાં જ પંચાયતના રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા આદેશમાં પાંચ બેઠકો નવી બનાવવામાં આવી છે જેમાં અડાલજ, વાવોલ, કોલવડાની નવી બેઠકો બની છે તો શિહોલી મોટી, દો. વાસણા, રાયપુરની બેઠકોમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

વાવોલની એક બેઠકને બદલે બે બેઠકો બનાવવામાં આવી છે. જેમાં વાવોલ-૧ અને વાવોલ-૨ બનાવવામાં આવી છે. વાવોલ-૧માં અને વાવોલ-૨ બનાવવામાં આવી છે. વાવોલ-૧માં વોર્ડ નં. ૧ થી ૧૦ અને વાવોલ-૨ બેઠકમાં વોર્ડ નં. ૧૧ થી ૧૬ ઉપરાંત વાસણા હડમતિયા તેમજ પુન્દ્રાસણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અડાલજ-૧માં ના અડાલજના વોર્ડ નં. ૧ થી ૧૧ અને અડાલજ-૨માં વોર્ડ નં. ૧૨ થી ૧૪ ઉપરાંત તારાપુર તેમજ સરગાસણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદરજ મોટીમાં આદરજ મોટી ઉપરાંત જલુંદનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચિલોડા (ડભોડા) અને ચિલોડા(ન)ની બેઠકમાં રણાસણ ગામનો સમાવેશ કરવામાં આવ્યા છે.

દોલારાણા-વાસણા બેઠકમાં લેકાવાડા, ચેખલારાણી, નવા ધરમપુરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કોલવડાના પણ બે ટુકડા કરવામાં આવ્યા છે. જેમાં કોવડા-૧ માં વોર્ડ નં. ૧ થી ૯ અને કોલવડા-૨માં વોર્ડ નં. ૧૦ થી ૧૮નો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રાથમિક આદેશમાં ૩૧ને બદલે ૩૬ બેઠકો બનતાં સીટોમાં ભારે બદલાવ થયો છે. ૧૮ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.

મહિલાઓ માટે જે સામાન્ય બેઠકો રખાઈ છે તેમાં ચિલોડા(ડ), ડભોડ-૧, ડભોડા-૨, ધણપ, દો. વાસણા, ખોરજ, કોબા, કોલવડા-૧,કોલવડા-૨, કુડાસણ, મગોડી, પોર, પ્રાંતિયા અને રાયપુરનો સમાવેશ થાય છે.

ઝુંડાલની બેઠક અનુ. જાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. તો અડાલજ-૧ અને અડાલજ-૨ ની બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. ચિલોડા(ન)ની બેઠક અનુ. આદિજાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાની ચાર તાલુકા પંચાયતો પૈકી દહેગામ તાલુકા પંચાયતના સીમાંકન બાદ આ બીજી તાલુકા પંચાયતનું સીમાંકનના ચૂંટણી પંચ દ્વારા પ્રાથમિક આદેશ જારી કરવામાં આવ્યા છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગાંધીનગર તાલુકાની નોંધાયેલ વસ્તી ૩,૩૪,૨૨૪ છે. બેઠક દીઠ ૯૨૮૪ વસ્તીને ધ્યાને લેવામાં આવી છે.

તાલુકા પંચાયતના નવા સીમાંકનમાં સૌથી મોટી બેઠક છાલા થાય છે. જ્યાં ૧૨૬૯૩ની વસ્તી નોંધાયેલ છે. આ પછી ચિલોડા(ન)ની બેઠક જ્યાં ૧૧,૫૩૯, ઉનાવામાં ૧૧,૫૩૪, શિહોલી મોટીમાં ૧૧,૪૮૧, આદરજ મોટીમાં ૧૧,૪૬૮, સાદરામાં ૧૦,૮૨૨ વસ્તી છે.

શાહપુરમાં ૭૦૮૨ વસ્તી છે. આ પછી સઢવમાં ૭૭૦૩, ચિલોડા(ડ)માં ૭૩૫૫, વાવોલમાં ૭૮૭૫ અને રાંધેજામાં ૭૮૦૭ મતદારો નોંધાયેલા છે.

વાવોલની બન્ને બેઠકો સામાન્ય રાખવામાં આવી છે. રાંધેજાની પણ બન્ને બેઠકો સામાન્ય રાખવામાં આવી છે.

તાલુકા પંચાયતના આ નવા સીમાંકનના આદેશોને પગલે તાલુકાના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો છવાયો છે અને રાજકીય આગેવાનો સોગઠા ગોઠવવામાં વ્યસ્ત બની ગયા છે.